# ગઝલ-વીશેષ
## ડૉ. મહેશ રાવલ

### (૧)

ખુલ્લં ખુલ્લા પળભર, ચાલો  માણસ-માણસ રમીએ,
લજ્જા મુકી અધ્ધર, ચાલો માણસ-માણસ રમીએ.

સપનાં સામે, સપનાં જેવું સપનું મુકી દઈએ,
આંખે આંજી ઝરમર, ચાલો માણસ-માણસ રમીએ.

જેના નામે તરતો જોયો પથ્થર, સગ્ગી આંખે,
પડકારી એ ઈશ્વર, ચાલો માણસ-માણસ રમીએ.

પરસેવે નીતરતાં લથબથ, અડધાં ભુખ્યા પેટે,
પાટા બાંધી નવતર, ચાલો માણસ-માણસ રમીએ.

આંટી ઘુંટી જેવા અમથે-અમથા સગપણ વચ્ચે,
ઉજવી લઈએ અવસર, ચાલો માણસ-માણસ રમીએ.

હોવાની પીડાથી બમણી, નહીં  હોવાની  ચીંતા,
અંગે અંગ લઈ કળતર, ચાલો માણસ-માણસ રમીએ.

દેખાદેખી, દેખાડો, ને નખશીખ  ઈર્ષા, અવઢવ,
કાંઠાળા મન-તટ પર, ચાલો માણસ-માણસ રમીએ.

### (૨)

ખાતાવહી સરભર નથી,  છે પ્રશ્ન કેવળ એટલો,
આધાર છે, સધ્ધર નથી, છે પ્રશ્ન કેવળ એટલો !

પ્રત્યેક પાસે આમ તો, છે  આગવી ઓળખ-પરખ,
જે બ્હાર તે અંદર નથી, છે પ્રશ્ન કેવળ એટલો !

અત્યંત નાજુક હોય છે સંબંધ, ભીતર બ્હારથી,
પણ માવજત નક્કર નથી, છે પ્રશ્ન કેવળ એટલો !

ટોળે વળી સપના દીવસભર, રાતની ચર્ચા કરે,
'ને રાત પાસે ઘર નથી, છે પ્રશ્ન કેવળ એટલો !

ઘટના અજુગતી કેટલી, ક્યારે બને, નક્કી નથી,
અહીં કોઈને કંઈ ડર નથી, છે પ્રશ્ન કેવળ એટલો !

અંગતપણાની આડ લઈ, સર્જાય છે વીટંબણા,
એ પ્રશ્ન છે, ઉત્તર નથી; છે પ્રશ્ન કેવળએટલો !

ઘરના ગણાતા હોય એ અપવાદ નીકળે, શક્ય છે,
પણ ઘર હવે ખુદ ઘર નથી, છે પ્રશ્ન કેવળ એટલો !

જોખમ બનીને ત્રાટકે જે લક્ષ્ય પર-છે ક્યાં હવે ?
એ વેણ, એ વેતર નથી, છે પ્રશ્ન કેવળ એટલો !

છે ઈશ્વરીયત સત્ય, 'ને એ સર્વવ્યાપી હોય છે,
માણસપણું પગભર નથી, છે પ્રશ્ન કેવળ એટલો !

## (૩)

અનાયાસે ખરી કુંપળ, પછી બે-ફામ રોયો છું,
નજર સામે સુકાયું જળ, પછી બે-ફામ રોયો છું.

હતું કે, જીંદગી સાથે ઘરોબો કેળવી લેશું,
મળી નહીં કોઈ એવી પળ, પછી બે-ફામ રોયો છું.

ત્યજી બેઠો કીનારો, ખાતરી ઉંડાણની કરવા,
ન આવ્યું કોઈ રીતે તળ, પછી બે-ફામ રોયો છું.

ન આવ્યો સ્હેજ પણ અણસાર, ને પલટાઈ ગઈ બાજી,
કરી ગઈ જીંદગી ખુદ છળ, પછી બે-ફામ રોયો છું.

રમ્યો 'તો બાટ છેલ્લી, જીતવા હારી ગયેલું, હું,
ન આવ્યું કામ કંઈ અંજળ, પછી બે-ફામ રોયો છું.

કસોટી પણ ન થઈ નક્કર, ન થઈ સરખામણી સધ્ધર,
અપેક્ષાકૃત મળ્યું નહીં ફળ, પછી બે-ફામ રોયો છું.

## (૪)

હું બટકણી ડાળની કુંપળ નથી,
કોઈ ખરતાં ફુલનું અંજળ નથી !

છું હકીકત જ્યાં વસે, એ સલ્તનત,
હું દીવાસ્વપ્નો ઉછરતું સ્થળ નથી !

ઝળહળે છે બેય આંખે સત્ય ખુદ,
કંઈ અસતની આંધળી અટકળ નથી !

મેં ઘરોબો કેળવ્યો છે, શબ્દથી,
સાવ કોરા મૌનનો કાગળ નથી !

જે મળે છે, એ જ આપું છું પરત
એ વીષયમાં ક્યાંય, મનમાં છળ નથી !

આવડે જો ખોલતાં તો શક્ય છે
અન્યથા, આસાન ખુલતી કળ નથી !

શક્યતાઓ લઈ ફરું છું, કાંધ પર
ધુંધળી, અસ્પષ્ટ, અમથી પળ નથી !

છું વીષય, હું માતબર ઐશ્વર્યનો,
ઓટલે ચર્ચાય એ ટીખળ નથી !

ધોમ ધખતો તાપ છું, વૈશાખનો
માવઠાનું, વાંઝીયું વાદળ નથી !

## (૫)

હતો મોઘમ છતાં એના ઈશારે, રંગ રાખ્યો છે,
જુદી રીતે મળ્યો પણ, આવકારે રંગ રાખ્યો છે.

બધાએ તક મળી ત્યારે કર્યો હડધુત, સરવાળે,
ખરે ટાણે, ખુદાના કારભારે રંગ રાખ્યો છે.

ચકાસ્યા ધ્યાનથી સંબંધનાં ખાતાં નવેસરથી,
થયું નક્કી, જમા કરતાં ઉધારે રંગ રાખ્યો છે.

રહસ્યો જીંદગીનાં કેમ હું જાણી શકત, નહીંતર,
હતાં જે સાવ અંગત, એ સહારે રંગ રાખ્યો છે.

મળી છે શાંતી આજે, પણ મળી છે જીવના ભોગે,
ન રાખ્યો જીંદગીએ, તો મઝારે રંગ રાખ્યો છે.

નથી મળતું જરુરી અહીં, જરુરત હોય છે ત્યારે,
અલગ છે કે, ખુદાએ છાશવારે રંગ રાખ્યો છે.

મળ્યું નહીં કોઈ ઘરમાં કે, ન ઘરની બ્હાર, અંગત થઈ,
અમારાં આંસુઓએ, હર પ્રકારે રંગ રાખ્યો છે.

(૬)

સપનાં વીશે વીચારતાં થાકી જવાય છે,
આ જાતને મઠારતાં, થાકી જવાય છે!

રસ્તો કદીયે કોઈની તરફેણ ના કરે,
કેડી નવી કંડારતાં, થાકી જવાય છે!

સ્થાપીત થયેલાં આમ તો, સંબંધ છે નવા,
કીસ્સા જુનાં વીસારતાં, થાકી જવાય છે!

પડઘા પડે તો, સાદનું હોવું-કબુલ; પણ,
અમથાં અવાજો ધારતાં, ધાકી જવાય છે!

માણસ, અધુરી વાત છે-સમજયાં તો ઠીક છે,
બાકી, ગળે ઉતારતાં થાકી જવાય છે!

તુટી જવાની શક્યતા છે, કાચ જેટલી,
સંબંધને ઉછેરતાં થાકી જવાય છે!

જીવી જવાતી હોય છે બે-શક, છતાંય પણ
આ જીંદગી ગુજારતાં, થાકી જવાય છે!

## (૭)

અડધાં ઉઘાડાં દ્વાર જેવાં નીકળે છે,
રસ્તાય, ખાંડાધાર જેવા નીકળે છે!

ભીતર અલગ, ને બહાર તો એથીય નોખા,
સંબંધ, કારોબાર જેવા નીકળે છે!

માણસ તરીકે મુલવો તો ખ્યાલ આવે,
લોકો, જુનાં અખબાર જેવા નીકળે છે!

છલકાય ને ઉભરાય-એમાં ફેર છે, પણ
ક્યારેક, ઘડા નાદાર જેવા નીકળે છે!

છે જીંદગીની કાંધ પર એનો જ બોજો,
સપનાંય, અમથા ભાર જેવાં નીકળે છે!

મેં જીંદગી આખી નીભાવ્યા હર પ્રકારે,
એ સગપણો બીસ્માર જેવા નીકળે છે!

હું ખાતરી આપી શકું, દૃષ્ટાંત સાથે,
ઘરનાંય, છેલ્લે બહાર જેવાં નીકળે છે!

એવું નથી કે,  દર્દ લા-ઈલાજ છે આ,
ઉપચાર અત્યાચાર જેવા નીકળે છે!

## (૮)

અષાઢી આંખમાં, મૃગજળ જણાયાં છે,
અધીક્તર માણસો, વાદળ જણાયા છે!

દીવસની જેમ ખુલ્લે આમ જોયું તો
ઘણા નક્કર તમસ, પોકળ જણાયાં છે!

અપેક્ષા કેમ રાખું સ્થીરતા જેવી?
અહીં પ્રત્યેક મન, ચંચળ જણાયાં છે!

ફરી ગઈ છે ઘણી વ્યાખ્યા, સમય સાથે,
ઘણાં સ્થાપીત રહસ્યો, છળ જણાયાં છે !

નથી કરતાં સ્વયં સ્વીકૃત બળીને, પણ
મને, એ સીંદરીમાં વળ જણાયા છે !

કસોટી કોણ કરશે અર્ધસત્યોની ?
સ્વયં ઈશ્વર, મને વીહ્વળ જણાયા છે !!

(૯)

ગાગરમાં સાગર છે, મનવા !
પરપોટાના થર છે, મનવા !

અમથી છે રંગોની ભ્રમણા,
રંગો ક્યાં પગભર છે મનવા !

વત્તા, ઓછા, ગુણ્યા, ભાગ્યા,
છેલ્લે સહુ સરભર છે, મનવા !

ખાલી તંબુ, ખાલી ડેરા,
સરકસ છે, જોકર છે, મનવા !

અંતે ગણ કે ગણ આરંભે,
શ્રદ્ધા છે, ઈશ્વર છે, મનવા !

ડૉ. મહેશ રાવલ

'જ્યોતી'-૪, હસન વાડી, તીરુપત્તી ડેરી ફાર્મ પાસે, રાજકોટ-૩૬૨ ૦૦૨
ફોન : ઘરે (૦૨૮૧)૨૩૬ ૨૯૭૧ મોબાઈલ : ૯૮૨૪૪ ૮૧૫૮૬
ઈ-મેઈલ : drmaheshrawal@yahoo.com

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : 145 – –March 16, 2008
'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં સાભાર અક્ષરાંકન : સુનીલ શાહ sunras2226@yahoo.co.in



ડૉ. મહેશ રાવલ

સને ૧૯૫૬માં સુરેન્દ્રનગરમાં જન્મેલા ડૉ. મહેશ વીનોદરાય રાવલ, જામનગરની આયુર્વેદ યુનીવર્સીટીમાંથી ૧૯૭૮માં ડૉક્ટર બન્યા અને રાજકોટમાં તબીબી સેવા શરુ કરી. જીવ ગઝલકારનો. અત્યંત સંવેદનશીલ હૈયું, સ્વમાની મીજાજ, નીજાનંદની મસ્તી એ એમની મોંઘેરી મુડી. રોજબરોજની જીવાતી જીંદગીની કડવી અને વરવી વાસ્તવીકતાને કશાયે આવરણ વીના યથાતથ મુકવાની આદત અને ફાવટ. શબ્દો સાથે સતત મથવાની ધગશ અને સમસ્યાના તલને તાગવાની તાલાવેલી, સ-ચોટ રજુઆત, બોલચાલની બોલીના જ રદીફ-કાફીયાને કવનમાં વણી લેવાની એમની આગવી ખાસીયત ગઝલકારની રચનાને પારદર્શીતા અર્પે છે.

રાજકોટ દુરદર્શન, આકાશવાણી અને મુશાયરામાં એમની રચનાઓ આવકાર પામે છે. પરબ, શબ્દસૃષ્ટી, કવીતા, કવીલોક, કાવ્યસૃષ્ટી જેવાં ગુજરાતના સાહીત્યીક સામયીકોમાં પણ એમની કૃતીઓ પ્રગટ થતી રહે છે. એમના ત્રણ કાવ્યસંગ્રહો : **'તુષાર'** (૧૯૭૮), **'અભીવ્યક્તી'** (૧૯૯૫) અને **'નવેસર'** (૨૦૦૬) ભાવકોનો આવકાર પામ્યાં છે.

ઈન્ટરનેટના માધ્યમથી પણ આ ડૉક્ટર-ગઝલકાર બે બ્લોગ ૧. http://navesar.wordpress.com/ ૨. http://drmaheshrawal.blogspot.com/ મારફત ગુજરાતી ગઝલને લોકપ્રીય બનાવી રહ્યા છે.

--મનસુખ નારીયા અને સુનીલ શાહ

-ગઝલ-સંપાદનની જવાબદારી સ્વીકારવા બદલ સુરતના આચાર્ય-કવી મીત્ર શ્રી. મનસુખ નારીયા (145-શીવશંકર પાર્વતી સોસાયટી, ભાતની વાડી, વરાછા રોડ, સુરત-395 006 ફોન : 0261-254 5772 મોબાઈલ : 94268 12273 ઈ-મેઈલ : vu2mnariya@gmail.com)નો અને અક્ષરાંકન માટે સુરતના શીક્ષક મીત્ર સુનીલ શાહ : sunras2226@yahoo.co.inનો દીલથી આભાર..ઉત્તમ ગજ્જર..

13મી જાન્યુઆરી 2006ના દીને મુંબઈ ખાતે ગુજરાતી લેક્સીકોનના થયેલા પ્રથમ લોકાર્પણને બે વરસ પુરાં થયાં. આ બે વરસમાં 7,50,000 જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં http://www.gujaraitleixcon.com ની મુલાકાત લીધી. આપને અને આપ મારફત આપના મીત્રોને પણ લેક્સીકોનની આ નવી interfaceની મુલાકાત લેવાનું નીમંત્રણ છે. વીશ્વનાં કરોડો ગુજરાતી ભાઈ-બહેનો સુધી આ સંદેશો પહોંચાડવામાં સહાય કરી, આપને પણ ગુજરાતી ભાષાની અમુલ્ય સેવાના પુણ્યના અધીકારી બનવા વીનંતી.

*વપરાશકારોના મળેલાં મુલ્યવાન સુચનો અનુસાર અમે* http://www.gujaraitleixcon.com *ના ઉઘડતે પાને જ અમારું 'સરસ ગુજરાતી સ્પેલચેકર' આકૃતી સાથે ડાઉનલોડ લીંક જોડી મુક્યું છે. આપ તે ડાઉનલોડ કરો અને તેની ક્ષમતા ચકાસી સુચનો મોકલો એવી વીનંતી કરીએ છીએ.*

આપ સૌના સહયોગ થકી 'સન્ડે ઈ-મહેફીલ'ના 8,200 જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે. સૌનો આભાર…અમારી 'સન્ડે ઈ-મહેફીલ'ની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી વેબસાઈટ http://gujaraitleixcon.comi/ndex.php?aciton=downloadSeM પરથી સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી લેક્સીકોન અને શ્રી. વીપુલ કલ્યાણી તરફથી લંડનથી પ્રકાશીત થતા 'ઓપીનીયન' માસીકના કેટલાક નમુનાના અંકોની અને શ્રી. પ્રવીણ વાઘાણી (મેલ્બોર્ન-ઓસ્ટ્રેલીયા) તરફથી પ્રકાશીત થતા 'માતૃભાષા' માસીકની મુલાકાતે પણ જઈ શકાશે..

● મધુરેણ સમાપયેત્ ●




પેન્સીલ્વેનીયા-અમેરીકામાં વસેલા અમદાવાદી કાર્ટુનીસ્ટ શ્રી. મહેન્દ્રભાઈ શાહનો

ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com

એમનો પરીચય પામવા અને એમનાં ખુબ બધાં કાર્ટુન્સ માણવા જુઓ એમની

web site : www.ameamericanamdavadi.com



'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં સાભાર અક્ષરાંકન : સુનીલ શાહ sunras2226@yahoo.co.in

◆◆◆●◆◆◆